પરિવ્રાજિકાનું રોમાંચક લગ્ન અને તેના પુત્રનો બુદ્ધ સાથે સંલાપ

[૩૫]

'લલિતવિસ્તર' ની પેઠે 'મહાવસ્તુ' પણ બૌદ્ધપરંપરાનો એક કથાગ્રંથ છે. એમાં બુદ્ધના જીવનને લગતી અનેક બાબતો કથારૂપે અને પૌરાણિક શૈલીએ વર્ણવવામાં આવી છે. એનું સંસ્કૃત પંડિતોને પરિચિત સંસ્કૃતથી બહુ જુદા પ્રકારનું છે. એમાં પાલિ, પ્રાકૃત અને અપભ્રંશ જેવી ભાષાઓનું એવું મિશ્રણ છે કે તેણે એક વિશિષ્ટ રૂપ ધારણ કર્યું છે. 'મહાવસ્તુ' ગ્રંથ ત્રણ ભાગમાં પેરિસથી પ્રસિદ્ધ થયેલો છે. તેમાં એક સભિક નામના પરિવ્રાજકની (ભાગ ૩, પૃ. ૩૮૯ થી ૪૦૧) કથા છે. સભિક પરિવ્રાજકરૂપે બુદ્ધ પાસે આવે છે અને અનેક પ્રશ્નો પૂછે છે. બુદ્ધ તેનો જવાબ આપે છે. છેવટે સભિક જવાબથી સંતોષ પામી બુદ્ધનો શિષ્ય બને છે. આટલી મુદ્દાની વસ્તુ એ ગ્રંથમાં એટલી બધી રોચક શૈલીમાં અને રોમાંચક રીતે વર્ણવવામાં આવી છે કે કોઈ પણ વાચક તે કથા પ્રત્યે અનાયાસે આકર્ષાય. તેથી આ લેખમાં એનો સાર આપી છેવટે કેટલાક મુદ્દા ઉપર સમાલોચના અને કાંઈક તુલના કરવા ધારું છું.

બનારસથી થોડે દૂર ઇસિપત્તન સ્થળમાં મૃગદાવ નામનું ઉપવન હતું. એ આજે સારનાથના નામથી પ્રસિદ્ધ છે, અને ત્યાં પ્રાચીન અશોકસ્તૂપ વગેરે અનેક અવશેષો મળી આવ્યા છે. તે મૃગદાવ ઉપવનમાં એકવાર તથાગત બુદ્ધ પધારેલા. તે સમયની સભિક પરિવ્રાજકની આ સંલાપકથા છે.

મથુરા નગરીમાં એક ધનાઢ્ય શ્રેષ્ઠી વાસ કરતો. તેને ત્યાં કન્યા ઉપર કન્યા એમ ચોથી કન્યાનો જન્મ થયો. ઉપરાઉપર ચોથી કન્યા અમંગળ છે એવી માન્યતાથી પ્રેરાઈ તે શ્રેષ્ઠીએ એ કન્યા એક પરિવ્રાજિકાને અર્પિત કરી કહ્યું કે જ્યારે આ કન્યા ઉંમરે પહોંચે ત્યારે એને તમે દીક્ષા આપજો; તે તમારી શિષ્યા થશે. શ્રેષ્ઠીએ તે કન્યાના ઉછેર માટે એક ધાવમાતા આપી અને તેના પોષણ અર્થે જોઈતું નાણું પણ આપ્યું. પાણીમાં કમળ વધે તેમ એ કન્યા વધવા લાગી. સમજણી થઈ કે તરત જ પરિવ્રાજિકાએ એને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રવ્રજ્યા આપી. અનુક્રમે એ બધાં પરિવ્રાજકશાસ્ત્રોમાં એટલી બધી નિષ્ણાત બની કે તે અનેક પરિવ્રાજિકાઓ સાથે અંદરોઅંદર ચર્ચા કરતી, પણ કોઈ એને જીતી કે પહોંચી શકતું નહિ અને તે સર્વશાસ્ત્રવિશારદ તરીકે તથા એક અગ્રવાદી તરીકે પ્રખ્યાતિ પામી.

હવે એમ બન્યું કે એક બ્રાહ્મણ પંડિત, જે વેદશાસ્ત્ર પારગામી અને વૈયાકરણ ઉપરાંત સર્વદર્શનવિશારદ પણ હતો, તે ફરતો ફરતો દક્ષિણ દેશથી મથુરામાં આવી પહોંચ્યો અને તેણે રાજમાર્ગ કે બજાર વચ્ચે મશાલ સળગાવી ઘોષણા કરી કે શું આ નગરમાં એવો કોઈ શબ્દપટુ કે વાદકુશળ છે જે મારી સાથે ચર્ચામાં ઊતરે? આ ઘોષણા સાંભળી મથુરાવાસી લોકોએ તે પંડિતને કહ્યું કે તારી મશાલ ઓલવી નાખ. અમારે ત્યાં એક સમર્થ તરુણી પરિવ્રાજિકા છે. તે તમારી સાથે આજથી સાતમે દિવસે વાદચર્ચા કરશે. જો તમે તેની સાથે ચર્ચા કરી શકો તો તમે વાદી ખરા. તે બ્રાહ્મણ પંડિતે બીડું ઝડપી કહ્યું કે ભલે, હું તે પરિવ્રાજિકા સાથે જરૂર સાતમે દિવસે વાદચર્ચા કરીશ, પણ તમો નગરવાસીઓએ તેમાં મધ્યસ્થ થવું. ત્યાર બાદ તે તે ધંધાદારી મંડળોના આગેવાન એવા મથુરાવાસી લોકોએ તે પરિવ્રાજિકાને બોલાવી પૂછ્યું કે એક બ્રાહ્મણ પંડિત આવેલો છે, જે મોટો વિદ્વાન અને વાદી છે, તેની સાથે આજથી સાતમે દિવસે તમે વાદચર્ચા કરશો? પેલી તરુણ પરિવ્રાજિકાએ તરત જ કહ્યું કે ખુશીથી. તે કે અન્ય કોઈ વાદી સાથે હું વાદચર્ચા કરવા તૈયાર છું. હું પણ વાદકથાનો મનોરથ સેવું છું.

તે આગેવાન મહાજનોએ પરિવ્રાજિકાની મંજૂરી મળ્યા બાદ નગરમાં ચૌટે, શેરીએ એમ બધે સ્થળે ડાંડી પિટાવી કે આજથી સાતમે દિવસે અમુક પરિવ્રાજિકા દાક્ષિણાત્ય બ્રાહ્મણ વાદી સાથે વાદ ચર્ચા કરશે, તેથી જે સાંભળવા ઇચ્છે તે આવે. મહાજનોએ શ્રોતા અને પ્રેક્ષકને લાયક રંગભૂમિ સાથે એક માંચડો ઊભો કર્યો. આ વૃત્તાન્તની જાણ થવાથી કુતૂહળવશ ચોમેરથી લોકો ઊભરાવા લાગ્યા.

આ બાજુ પેલા બ્રાહ્મણને ભારે કૌતુક થયું કે જે પરિવ્રાજિકા મારી સાથે વાદવિવાદ કરવા તૈયાર થઈ છે તે કેવી હશે? હું જરા એને જોઈ તો લઉં. આમ વિચારી તે પંડિત પૃચ્છા કરતો કરતો પરિવ્રાજિકાઓના અનેક મઠોમાં ગયો અને પોતે અજ્ઞાત થઈ પૂછવા લાગ્યો કે પેલા બ્રાહ્મણ પંડિત સાથે વાદવિવાદમાં ઊતરનાર પરિવ્રાજિકા કઈ? છેવટે એને પત્તો લાગ્યો. જ્યારે એ

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

પંડિત પેલી પરિવ્રાજિકા પાસે પહોંચ્યો ત્યારે તે પોતાના પરિવેણ (મઠ)માં મુક્ત અને શુદ્ધ-સંસ્કારી સ્વરથી સ્વાધ્યાય કરી રહી હતી. તે પંડિતે પરિવ્રાજિકાને પૂછ્યું કે તું સભા વચ્ચે મારી સાથે વાદકથા કરનાર છે? તેણીએ તરત જવાબ આપ્યો કે અવશ્ય હું પરિષદમાં તમારી કે કોઈ બીજાની સાથે વાદકથા કરવા તૈયાર છું. તે બ્રાહ્મણ તરુણ હતો તેમ સુંદર પણ હતો. પેલી પરિવ્રાજિકા પણ તરુણ તેમ જ સુંદર હતી. એકબીજા સમીપ આવવાથી અને પરસ્પરનું દર્શન થવાથી બંનેમાં પ્રેમાંકુર પ્રગટ્યો. બ્રાહ્મણ પંડિતે પરિવ્રાજિકાને કહ્યું કે હું તને ચાહું છું. પરિવ્રાજિકાએ પણ જવાબમાં એમ જ કહ્યું કે હું પણ તને ચાહું છું. પણ હવે બ્રાહ્મણ પંડિતે આગળ પ્રસ્તાવ કર્યો કે આપણે કાંઈક એવું કરીએ કે જેથી આપણો સમાગમ થાય, પણ કોઈ જાણે નહિ. બ્રાહ્મણ પંડિતે જ યુક્તિ શોધી પરિવ્રાજિકાને કહ્યું કે આપણે ચર્ચા પહેલાં સભામાં એવી પ્રતિજ્ઞા કરીને જ ચર્ચા શરૂ કરીશું કે જે હારે તે જીતનારનો શિષ્ય બને. આમ તો પુરુષો હંમેશા સ્ત્રીને જીતતા જ આવ્યા છે, એટલે પુરુષ જીતે એમાં કોઈને નવાઈ ન લાગે, પણ જો તારા જેવી સ્ત્રી મને જીતે તો મારા હાલહવાલ જ થાય. લોકો એમ કહી નિન્દે કે એક પુરુષ જેવા પુરુષને રાંધવા જેટલી જ અક્કલ ધરાવનાર સ્ત્રીએ હરાવ્યો! તેથી તારે વાદમાં એવી રીતે વર્તવું કે છેવટે હું તને હરાવું. આથી તું મારી શિષ્યા બનીશ અને આપણો પરસ્પર સમાગમ થશે અને છતાં કોઈ જાણશે નહિ. પરિવ્રાજિકાએ સ્ત્રીપ્રકૃતિને અનુસરી એ વાત કબૂલ રાખી. આ રીતે પરિવ્રાજિકા સાથે ગુપ્ત મંત્રણા કરી તે પંડિત પોતાને સ્થાને પાછો ફર્યો.

સાતમે દિવસે નક્કી કરેલ સભાસ્થાનમાં લોકો ટોળે વળ્યાં, જેમાં રાજા, મંત્રી, આગેવાનો, ગૃહસ્થો, વિદ્વાન, બ્રાહ્મણ, જુદા જુદા પંથના અનુયાયીઓ અને ગણિકા સુધ્ધાં હતાં. વાદી બ્રાહ્મણ પંડિત ઉપસ્થિત થયો, તેમ જ વાદનું બીડું ઝડપનાર પેલી પરિવ્રાજિકા પણ બીજી અનેક પરિવ્રાજિકાઓ સાથે ઉપસ્થિત થઈ. સભામાં નક્કી કરેલ પોતપોતાને આસને બેસી ગયાં. બ્રાહ્મણ પંડિતે ઊભા થઈ સભાને સંબોધી કહ્યું કે હું એક સ્ત્રી સાથે વાદકથા કરવા તૈયાર થયો છું તે બાલચાપલ્ય જેવું સાહસ છે, કેમ કે પુરુષ સ્ત્રીને જીતે એમાં તો કોઈને કાંઈ નવાઈ લાગતી નથી—સ્ત્રીઓ પુરુષથી હારે જ એવી લોકોની ચાલુ માન્યતા છે જ—પણ જો સ્ત્રી પુરુષને હરાવે તો લોકોને નવાઈ લાગે અને લોકો હારેલ પુરુષની નિંદા પણ કરે કે જોયું, આ પુરુષ કેવો અધમ કે એને માત્ર રાંધણિયા બુદ્ધિ ધરાવનાર એક સ્ત્રીએ હરાવ્યો! આથી જ સ્ત્રી સાથે વાદવિવાદમાં ઊતરવાના સાહસને હું બાલચાપલ્ય જેવું સાહસ લેખું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છું. અસ્તુ, તેમ છતાં વાદકથામાં ઊતરીએ તે પહેલાં એક શરત અમારે બન્નેએ કબૂલ કરવી જોઈએ અને તે એ કે જે હારે તે જીતનારનો શિષ્ય બને. સભાજનોએ એ શરત બાબત પરિવ્રાજિકાને પૂછ્યું, તો તેણે પણ પોતાની સમ્મતિ દર્શાવતાં કહ્યું કે મને એ શરત માન્ય છે.

આ રીતે શરત નક્કી થઈ એટલે બ્રાહ્મણ પંડિતે એક લાંબો અને જટિલ પ્રશ્ન પૂછ્યો. પરિવ્રાજિકાએ પણ આ સભા ઉપર પોતાની છાપ પાડવા રુઆબથી તે પ્રશ્નનો જવાબ આપ્યો. આ રીતે પહેલો દિવસ એક બીજાના પ્રશ્નોત્તરમાં પસાર થયો, પણ કોઈ એકબીજાને જીતી શક્યું નહિ. બન્ને ચર્ચામાં સરખા જ ઊતર્યાં. આ રીતે સભામાં વાદવિવાદના સાત દિવસ પસાર થઈ ગયા, પણ કોઈ કોઈથી હાર્યું નહિ. સભામાં આવેલા પુરુષો પંડિત ને પરિવ્રાજિકા વચ્ચે ચાલતી ચર્ચાની રસાકસીમાં એટલો બધો રસ લેતા કે સાંજ પડે તોય ભાન ન રહે. જ્યારે તેઓ ઘેર પાછા ફરતા ત્યારે આખા નગરની સ્ત્રીઓ અકળાઈ પોતપોતાના પતિને પૂછતી કે સાત દિવસ થયા રોજ આટલું બધું મોડું કેમ કરો છો? દરેક પતિનો પોતાની પત્નીને જવાબ એક જ હતો અને તે એ કે—શું તું નથી જાણતી કે એક સર્વશાસ્ત્ર-વિશારદ દાક્ષિણાત્ય વિદ્વાન આવેલ છે? એ સાત દિવસ થયા ચર્ચા કરે છે, પણ એક સ્ત્રીને જીતી નથી શકતો. આ સાંભળી બધી જ સ્ત્રીઓએ પોતપોતાના ધણીને કહ્યું કે સ્ત્રીઓ કેવી પંડિત હોય છે! તેમની બુદ્ધિશક્તિ પુરુષો કરતાં ચડે છે, ઊતરતી નથી. સ્ત્રીઓનું આ મહેણું સાંભળી બધા જ પુરુષોને મનમાં એમ થયું કે કોઈ પણ રીતે જો તે બ્રાહ્મણ પંડિત પરિવ્રાજિકા દ્વારા હાર પામ્યો તો આપણા બધા પુરુષોની હંમેશને માટે બૂરી વલે થશે, જ્યારે ને ત્યારે સ્ત્રીઓ મહેણું મારી આપણને તણખલાતોલ લેખશે. આ રીતે આખા નગરમાં બે પક્ષ પડી ગયા. સ્ત્રીવર્ગ તો પરિવ્રાજિકાનો જય વાંછે, જ્યારે પુરુષવર્ગ પેલા બ્રાહ્મણ પંડિતનો જય વાંછે. ત્યાર બાદ એક દિવસે મળેલી સભામાં બ્રાહ્મણ પંડિતે પરિવ્રાજિકાના પ્રશ્નનો જવાબ વાળ્યો, પણ પેલી પરિવ્રાજિકાએ જાણીને જ જવાબ ન વાળતાં ન આવડવાનો ડોળ કર્યો—જાણે કે તે આપમેળે જ પાણીમાં બેસી ગઈ. પરિવ્રાજિકાની ચુપકીદી જોઈ સભાજનો પોકારી ઊઠ્યા કે પરિવ્રાજિકા હારી અને પંડિત જીત્યો. ત્યાર બાદ પંડિતે પોતાના ધર્મની નિશાની લેખે તે પરિવ્રાજિકાને ત્રિદંડ અને છત્ર–ચાખડી આપી, પોતાની શિષ્યા તરીકે એને જાહેર કરી, સભાસ્થાનથી વિદાય આપી.

હવે એ બ્રાહ્મણ પંડિત અવારનવાર પોતાની શિષ્યા પરિવ્રાજિકાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મઠમાં જવા લાગ્યો. બન્ને જણ પોતાને રુચે તેમ સમાગમમાં આવવા લાગ્યા. પુનઃ પુનઃ મિલનના પરિણામે તે પરિવ્રાજિકા આપન્નસત્ત્વા–સગર્ભા થઈ. બન્નેએ મથુરામાં રહેવું ઠીક નથી એમ વિચારી ત્યાંથી દક્ષિણ તરફ પ્રવાસ આદર્યો. ગ્રામાનુગ્રામ પગે ચાલતાં શ્વેતબલાકા નામની નગરીમાં તેઓ પહોંચ્યા. નવ–દશ માસ પૂરા થતાં જ તે પરિવ્રાજિકાએ પુત્રને જન્મ આપ્યો. એક સભા અર્થાત્ સાર્વજનિક સ્થાનમાં એનો જન્મ થવાથી માતાપિતાએ એનું સભિક નામ પાડ્યું. માતાપિતા બન્નેએ તેને કાળજીથી ઉછેર્યો અને ઉંમરલાયક થતાં તેને લિપિ, ગણિત અને બીજાં અનેક પરિવાજક શાસ્ત્રો શિખવાડ્યાં. તે સભિક છેવટે વાદીપ્રવાદી તરીકે પ્રસિદ્ધિમાં આવ્યો. હવે સભિકને શાસ્ત્રવિસ્તાર એક મહાન સમુદ્ર જેવો જણાયો ને પોતાની જાતને અબુદ્ધ–અજ્ઞાની લેખી કોઈ બુદ્ધ–જ્ઞાનીની શોધમાં નીકળી ગયો. અનેક દેશોમાં પરિભ્રમણ કરતો કરતો છેવટે તે જ્યાં તથાગત બુદ્ધ હતા ત્યાં વારાણસી પાસેના મૃગદાવ ઉપવનમાં આવી પહોંચ્યો. સભિક બુદ્ધ સાથે કુશળવાર્તા કરી એક બાજુ બેસી ગયો અને તેણે ભગવાન બુદ્ધને પ્રશ્નો પૂછવાના ઇરાદાથી કહ્યું કે, ‘હે ભદન્ત તથાગત ! હું નામે સભિક પરિવ્રાજક કેટલીક શંકાઓ નિવારવા તમારી પાસે આવ્યો છું અને જિજ્ઞાસાવશ પૂછું છું કે તમે મારા પ્રશ્નોનો અનુક્રમે યોગ્ય ખુલાસો કરો.’ તથાગતે કહ્યું કે, ‘તું બહુ દૂરથી જિજ્ઞાસા-વશ આવે છે, તો ખુશીથી પ્રશ્નો કર. હું તેનો યથાયોગ્ય ઉત્તર વાળીશ.’

સભિકે ગાથાબદ્ધ શૈલીમાં પ્રથમ પ્રશ્ન કર્યો કે ભિક્ષુ કોને કહેવાય ? શ્રમણ અને દાન્ત કોને કહેવાય ? બુદ્ધે કહ્યું કે જેણે આત્મજય કર્યો હોય, જે કાંક્ષાથી પર હોય અને જેણે નિર્વાણ પ્રાપ્ત કરી પુનર્ભવનો ક્ષય કર્યો હોય તે ભિક્ષુ. જે બધી બાબતોમાં ઉપેક્ષાશીલ રહે, જે પ્રત્યેક ક્ષણે જાગતો રહે ને જે કોઈ પણ જાતની હિંસા કરવાથી મુક્ત રહે, જે નિર્દોષ હોય તે શ્રમણ. જેણે ઇન્દ્રિયોને વશ કરી હોય, જે આ લોક કે પરલોકમાં આસક્ત થયા વિના ભાવનાપૂર્વક કર્તવ્યોનું પાલન કરી સમયનો સદુપયોગ કરતો હોય તે દાન્ત. આ જવાબ સાંભળી સભિક પરિવ્રાજકે તથાગતને બહુ અભિનંદન આપી ફરી પ્રશ્નો કર્યા કે હે ભદન્ત ! બ્રાહ્મણ કોને કહેવો ? સ્નાતક કોણ કહેવાય ? અને નાગનો અર્થ શો ? બુદ્ધે કહ્યું કે જે બધાં પાપોને બહાર કરી, નિર્મળ થઈ સમાધિસ્થ થયો હોય અને જે સંસારનું ખરું સ્વરૂપ સમજી સ્થિર મનથી બ્રહ્મચર્યમાં વસેલ હોય તે બ્રાહ્મણ. જે અન્દર અને બહારનાં બધાં મળોનું પ્રક્ષાલન કરી દેવ તેમ જ મનુષ્યોએ કલ્પેલી સીમાઓ કે ચોકાઓમાં ફરી નથી બંધાતો તે સ્નાતક. જે દુનિયામાં રહી કોઈ ગુનો કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપરાધ નથી કરતો, જે બધી જાતનાં બંધનોથી મુક્ત થઈ ક્યાંય પણ લેપાતો નથી તે નાગ. ફરી એણે પૂછ્યું કે ભદન્ત! વેદક કોણ કહેવાય? અનુવિદિત એટલે શું? અને વીર્યવાન્ કેવી રીતે થવાય? આજાનેય ક્યારે કહેવાય? ભદન્ત તથાગતે કહ્યું કે બધા વેદોને જાણી બધી જાતની સુખ-દુઃખની વેદનાઓથી પર હોય તે વેદક. અંદર અને બહારના નામ તેમ જ રૂપના રાગપ્રપંચને નિર્મૂળ કરી જે બંધનમુક્ત થયો હોય તે અનુવિદિત. જે ક્લેશોનું સર્વથા પ્રહાણ કરી તમામ ઇતર પ્રાણીઓની રક્ષા કર્યા વિના ન જંપે તે વીર્યવાન્. બધાં બંધનો છેદી પાર ગયો હોય તે આજાનેય. એ જ રીતે ક્ષેત્રજ્ઞ, કુશળ, પંડિત, મુનિ, શ્રોત્રિય, આર્ય, ચરણવાન અને પરિવ્રાજક જેવાં પદોનો સભિકે પૂછેલ અર્થ તથાગતે સાર્થક વ્યુત્પત્તિથી કરી બતાવ્યો, એટલે સભિકે સુંદર ગાથાઓથી તથાગતની નીચે પ્રમાણે સ્તુતિ કરી:

'હે ભગવન્! જે ૬૩ શ્રમણ દૃષ્ટિઓ-દર્શનો છે તે બધાંથી તમે પર છો. તમે દુઃખનો અન્ત કર્યો હોઈ દુઃખાન્તક છો. તમે મુનિપદ પામી નિષ્કંપ થયા છો. નાગોના નાગ અર્થાત્ હસ્તિરાજ એવા તમ મહાવીરનું સુભાષિત બધા જ દેવદાનવો પ્રશંસે છે. મેં જે જે શંકાઓ મૂકી તેનો તમે ખુલાસો કર્યો. હે વીર! તમે જરા પોતાના ચરણ પસારો. આ સભિક તે ચરણોમાં પડી તમને વંદે છે.'

ત્યાર બાદ તથાગતે સભિકને ભિક્ષુક પદથી સંબોધી પ્રવ્રજ્યા આપી પોતાના સંઘમાં લીધો.

વાચકોના બોધમાં કાંઈક વૃદ્ધિ થાય અને તેમની રુચિ સવિશેષ પોષાય એ હેતુથી ઉપર આપેલ સારમાં આવેલ કેટલાક મુદ્દા પરત્વે પ્રાસંગિક ચર્ચા કરવી ઉપયુક્ત લાગે છે. અલબત્ત, આ ચર્ચા કે તુલના માત્ર સંકેતરૂપ હોઈ યથાસંભવ ટૂંકમાં જ પતાવાશે.

૧. વિજયરસ: પ્રાણીમાત્રને હારવું નહિ, પણ જીતવું રુચે છે. વિશેષે માનવજાતિનો ઇતિહાસ તો હારજીતના સંગ્રામથી જ લખાય છે. શસ્ત્રવિજય તો જાણીતો છે જ, પણ શાસ્ત્રવિજયની કથાય હજારો વર્ષ જૂની છે અને કોઈ પણ ધર્મપરંપરાના ઇતિહાસમાં તે આવે જ છે. વિદ્વાનો અને જ્ઞાનીઓનો પ્રથમ પ્રયત્ન એ રહેતો આવ્યો છે કે પોતાના વિષયના હરીફને કોઈ પણ રીતે જીતે. જેઓ સર્વજ્ઞ કે વીતરાગ તરીકે સંપ્રદાયમાં જાણીતા છે તેમના સાધક અને તપસ્વી શિષ્યપરિવારમાં એક એવો વર્ગ પણ હંમેશા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહેતો કે જે અન્ય પરંપરાના વિદ્વાનો સાથે વાદચર્ચામાં ઊતરે, તેમને હરાવે અને પોતાના સમ્પ્રદાયનો જયધ્વજ સ્થાપે. હજારો વર્ષનું સંસ્કૃત–પ્રાકૃત–પાલિ વાઙ્મય વાદચર્ચાના કાલ્પનિક અને ઐતિહાસિક વર્ણનોથી ભરેલું છે. અખાડામાં કુસ્તી કરવાના દાવપેચો અને નિયમો હોય છે, જેમ યુદ્ધમાં શસ્ત્ર ચલાવવાના અને તેથી બચવાના દાવપેચો ખેલાય છે, તેમ વાદકથા વિશે પણ છે. એનું એક વિશિષ્ટ શાસ્ત્ર જ રચાયું છે. તેથી કોઈ જ્યારે એક વિષયમાં પારગામી થાય ત્યારે તેની પહેલી નેમ તે વિષયના હરીફને જીતવાની અને પોતાનો સિક્કો જમાવવાની રહે છે. એ જ પરંપરાગત વહેણને વશ થઈ દાક્ષિણાત્ય પંડિત મથુરામાં વિજય માટે આવ્યો છે અને એ જ વલણને વશ થઈ પેલી પરિવ્રાજિકા પણ પ્રથમ તો વાદનું બીડું ઝડપે છે.

લોકોને જાતે યુદ્ધ કરવું ન હોય ત્યારે યુદ્ધ જોવાનો રસ પણ અદમ્ય હોય છે. એવું યુદ્ધ જોવા ન મળે તો એની વાર્તા પણ રમ્ય લાગે છે, એ આપણો અનુભવ છે. પંડિત અને પરિવ્રાજિકા વચ્ચે વાદનો અખાડો રચવામાં મથુરાવાસીઓનો રસ કેટલો ઊંડો છે તે તો જાહેર ચર્ચા જોવા ચોમેરથી માનવમેદની ઊભરાય છે અને સાંજ પડે તોય જમાવટ કાયમ રહે છે એટલા ઉપરથી દેખાઈ આવે છે. આવી ઘટના આજે પણ જૂની ઢબના પંડિતોમાં અને નવી ઢબની ડીબેટિંગ કલબોમાં બનતી જોવાય છે. તેથી 'મહાવસ્તુ'ના પ્રસ્તુત કથાનકમાં જે વાદસભાને લગતું ચિત્ર છે તે વસ્તુસ્થિતિનું નિદર્શક માત્ર છે.

૨. સ્ત્રી પણ વાદપટુ : સામાન્ય રીતે એમ જ દેખાય ને મનાય છે કે વિદ્યા પુરુષપ્રધાન હોઈ વાદ કે ચર્ચામાં પુરુષો જ પડે છે, પણ આ ધારણા પૂર્ણ સત્ય નથી. હજારો વર્ષ પહેલાં પણ સ્ત્રીઓ વાદમાં ભાગ લેતી—એની સંખ્યા પુરુષો કરતાં નાની હોય એ વાત જુદી. પણ સ્ત્રીઓ વિદ્યા શીખતી જ નહિ કે પુરુષો સાથે શાસ્ત્રીય વિષયોમાં વાદચર્ચા કરવામાં ભાગ લેતી જ નહિ એ માન્યતા નિરાધાર છે. ઉપનિષદોમાં વાચક્નવીની વાત જૂની અને જાણીતી છે. તેણે જનકની સભામાં યાજ્ઞવલ્ક્ય જેવા જ્ઞાની સામે માર્મિક અને મૂંઝવી નાખે એવા પ્રશ્નો કરેલા અને યાજ્ઞવલ્કયે એનું મહત્ત્વ પણ આંકેલું. મંડનમિશ્રની પત્ની સરસ્વતીએ શંકરાચાર્ય જેવાને થકવ્યાની દંતકથા પણ છે. દાક્ષિણાત્ય પંડિત સાથે ચર્ચા કરવાનું બીડું ઝડપનાર એક સ્ત્રી છે; એટલું જ નહિ, પણ તે સ્ત્રી પરિવ્રાજિકા છે એમ કહેવામાં આવ્યું છે. પરિવ્રાજક વર્ગ બુદ્ધ–મહાવીર પહેલાંથી આ દેશમાં ચાલ્યો આવે છે. એની પરસ્પર વિરુદ્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવી ઘણી શાખાઓ અસ્તિત્વ ધરાવતી. પરિવ્રાજક વર્ગમાં પુરુષોની પેઠે સ્ત્રીઓનું પણ સ્થાન હતું. મથુરામાં પરિવ્રાજિકાઓના અનેક મઠોનો ઉલ્લેખ છે. તે ઉપરથી પ્રાચીન ઇતિહાસની એ વાતને ટેકો મળે છે કે ઉત્તર ભારતમાં ભિક્ષુની પેઠે ભિક્ષુણીઓનો પણ મોટો વર્ગ હતો, અને તે અનેક પંથોમાં વહેંચાયેલો હતો. વધારે સંભવ એવો છે કે એ પરિવ્રાજિકાઓ વૈદિકેતર પરંપરામાંની હોય.

૩. પ્રથમ મુલાકાતે પરસ્પર આકર્ષણ : વાદી પંડિત ગયો તો કુતૂહલવશ કે વાદનું બીડું ઝડપનાર એક નારી છે, તો તે કેવી હશે? પણ બન્ને મળ્યાં અને એકબીજાના આકર્ષણથી ઝડપાઈ ગયાં. હવે રસ્તો કેમ કાઢવો એ મૂંઝવણનો ઉકેલ પણ બન્નેએ મળી શોધી કાઢ્યો. અલબત્ત, એ ઉકેલમાં પુરુષ પંડિતની ચાતુરી મુખ્ય દેખાય છે, પણ પેલી પરિવ્રાજિકા એની યુક્તિ–ચાતુરીને વશ થઈ એ પણ તેનું પ્રબળ આકર્ષણ સૂચવે છે. બન્ને જણ પોતાની મંત્રણાને ગુપ્ત રાખે છે એ તત્કાલીન સામાજિક સ્થિતિનું સૂચન છે.

૪. નગરનારીઓની ફરિયાદ : એ તો હંમેશનો અનુભવ છે કે જ્યારે પુરુષો સાંજે પણ વખતસર ઘેર પાછા ન ફરે ત્યારે સ્ત્રીઓ અકળાય છે અને એ એમની રોજિંદી ફરિયાદ રહે છે કે આટલું મોડું કેમ કરો છો? એ જ સાર્વજનિક અનુભવ કથાના લેખકે મથુરાવાસી નારીઓને મોઢેથી રજૂ કર્યો છે. મોડું થવાનું કારણ પુરુષોએ આપ્યું ત્યારે સ્ત્રીઓ નાખુશ થવાને બદલે એમ જાણીને રાજી થઈ કે અમારી જ એક બહેન પુરુષોનો ગર્વ ગાળી રહી છે. પુરુષોના મોડા આવવાથી થતા માનસિક દુઃખમાં સ્ત્રીઓને મોટું આશ્વાસન એ મળ્યું કે અમે નહિ તો અમારી એક બહેન પુરુષના ગર્વને ગાળશે. સામાન્ય રીતે આપણે જાણીએ છીએ કે સ્ત્રીઓ પોતપોતાના પતિના અને તે દ્વારા પુરુષવર્ગના ઉત્કર્ષથી રાજી થાય છે; પોતાની જાતને પાછળ રાખીને પણ પતિદેવને આગળ કરવામાં કે તેમને વિજયી જોવામાં ઊંડું સુખ અનુભવે છે. તેમ છતાં અહીં ઊલટું દેખાય છે. મથુરાનો આખો નારીવર્ગ પોતાનામાંની એક એવી સ્ત્રીને વિજયની દિશામાં જતી જોઈ અને પુરુષ પંડિત-ને પરાજયની દિશામાં જતો જોઈ કેટલી રાજી થાય છે! બધી જ સ્ત્રીઓ એકસ્વરથી કહી દે છે અને નિરાંત અનુભવે છે કે ઠીક થાય જો પુરુષ હારે તો! વ્યક્તિગત રીતે પુરુષનો જય વાંછતી નારી સામુદાયિક રીતે પુરુષવર્ગનો પરાજય કેમ ઇચ્છતી હશે, એ એક માનસશાસ્ત્રીય કોયડો તો ખરો જ. એમ લાગે છે કે પ્રત્યેક વ્યક્તિમાં સજાતીય અને વિજાતીય એવા બે ચિત્તપ્રવાહો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વહ્યા કરે છે. જ્યારે વ્યક્તિગત આકાંક્ષાતૃપ્તિનો પ્રશ્ન હોય ત્યારે સામાન્ય રીતે સ્ત્રીનું વિજાતીય ચિત્ત પ્રધાન બની પુરુષના પરાક્રમને ઝંખે છે અને તેને વશ રહેવામાં આન્તરિક કૃતાર્થતા અનુભવે છે; પણ જ્યારે સામુદાયિક આકાંક્ષા-તૃપ્તિની ક્ષણ આવે છે ત્યારે તેનું સજાતીય ચિત્ત ગતિશીલ થાય છે અને તેને પોતાના સજાતીય વર્ગના ઉત્કર્ષ માટે ઝંખતી કરે છે. વ્યક્તિગત રીતે ઊંડે ઊંડે મનમાં પુરુષનો ઉત્કર્ષ ઝંખતી નારી પણ સામુદાયિક રીતે નારીવર્ગના ઉત્કર્ષને પક્ષે જ હાથ ઊંચો કરે છે. એમ પણ હોય છે કે વ્યક્તિગત રીતે પુરુષનો પરાભવ કરવા અસમર્થ એવી નારીના ચિત્તમાં કોઈ એવી ગ્રંથિ બંધાતી હોય કે પુરુષને ક્યારે પરાભૂત કરું. આવી તક જો કોઈ સ્ત્રી ગમે ત્યાં ઝડપતી હોય તો એની એ માનસગ્રંથિ તેમાં સૂર પુરાવે. કદાચ તેથી જ આખો નારીવર્ગ એ પરિવ્રાજિકાના વિજયની આશાથી નાચી ઊઠ્યો હોય.

૫. પરિવ્રાજિકાનું સગર્ભા થવું અને દેશાન્તરમાં ચાલી નીકળવું : કથામાં આપણે જોયું કે વાદપટુ પરિવ્રાજિકા છેક બાલ્યવયથી જ ઘરવંચિત થઈ હતી અને પરિવ્રાજિકાઓના મઠમાં ઊછરી, ત્યાં જ દીક્ષિત થઈ હતી. આટલી શાસ્ત્રપટુ અને રાતદિવસ શાસ્ત્રપારાયણમાં રત તેમ જ ધર્મક્રિયામાં ભાગ લેનાર એક ત્યાગી સ્ત્રી અજાણ્યા પુરુષના અણધાર્યા મિલનમાત્રથી શાસ્ત્ર-ધર્મ-કર્મ બધું છોડી પુરુષ પ્રત્યે ક્ષણમાત્રમાં કેમ આકર્ષાઈ? કેમ એને છળ-કપટનો આશ્રય લેવો પડ્યો અને ગર્ભ ધારણ કર્યા પછી પરિચિત વતન છોડી એને દેશાન્તરમાં ગુપ્તપણે કેમ ચાલ્યા જવું પડ્યું? આ પ્રશ્નો કાંઈ કાલ્પનિક નથી. પ્રાચીન અને મધ્યયુગની પેઠે એવી ઘટનાઓ આજે પણ જ્યાં ત્યાં જુદા જુદા આકારમાં બની રહી છે. તેથી સામાજિક સ્વાસ્થ્ય અને નિર્દંભ ધર્મના પક્ષપાતીઓએ વિચારવું ઘટે કે આવી ઘટનાઓનું મૂળ શું છે અને તે કેમ બનતી અટકે? સ્પષ્ટ છે કે ગૃહસ્થાશ્રમના રાજમાર્ગનું ઉલ્લંઘન કરી અકાળે અને વણસમજે સંન્યાસ લેવામાં જ આવી ઘટનાઓનાં મૂળ છે. બીજી વાત એ છે કે જાણે-અજાણે એક વાર ત્યાગી બનેલ સ્ત્રી કે પુરુષ ફરી જો પ્રામાણિકપણે ભોગમાર્ગે વળે તો સમાજ એના પ્રત્યે સૂગ સેવે છે. એવા પ્રથમ ત્યાગી અને પછી ભોગી પાત્રોને તિરસ્કાર વિના જીવવાનું મુશ્કેલ બને છે અને એવી વ્યક્તિઓ ખંતીલી કે શ્રમપ્રિય હોય તોય તેઓને નિર્વાહનું સાધન મેળવવું અતિવસમું થઈ પડે છે. એને લીધે એવી વ્યક્તિઓને ક્યાંય પણ અજાણ્યા પ્રદેશમાં જવું ને ભટકવું પડે છે. આ સ્થિતિ કોઈ પણ સભ્ય સમાજ માટે ઇષ્ટ નથી. ઇચ્છાથી અને સમજણપૂર્વક જે થાય તેમાં જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમાજનું શ્રેય છે. બળાત્કાર કે લાચારીમાં સ્વીકારાયેલો ધર્મ એ માત્ર પોકળ છે અને પોકળોને ઢાંકવાના પ્રયત્નોમાંથી પરિણામ પણ ભીરુતા, નિન્દા જેવા અનિષ્ટ દોષોની પુષ્ટિમાં જ આવે છે. તેથી આ બાબત તત્કાળ સુધારણા માગે છે એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય.

૬. સભિકની પ્રશ્નપદ્ધતિ : આપણે ઉપર જોયું કે સભિક તથાગત બુદ્ધને જે પ્રશ્નો કરે છે તે મૂળે ત્યાગમાર્ગ સાથે સંબંધ ધરાવે છે. અહીં બે બાબતો વિચારવા જેવી છે : એક તો આવા પ્રશ્નો કેમ ઉદ્ભવે છે તે અને બીજી આવી પ્રશ્નપરંપરાનો ઇતિહાસ શો છે તે. ત્યાગ એ આન્તરિક વસ્તુ છે, પણ એની આસપાસ જ્યારે ક્રિયાકાંડનું જાળું અને વેશ તથા ચિહ્નોનું પોપડું બંધાય છે ત્યારે ત્યાગ વિનાના એ જાળા અને પોપડામાં પ્રજા સંડોવાય છે. એમાંથી જ્યારે કોઈ વિવેકી અંદરનું ખરું તત્ત્વ તારવી તેને પચાવી લે છે ત્યારે તે એવા પ્રશ્નોનો ખુલાસો ખરા અર્થમાં કરે છે. તેમાંથી અન્તસ્ત્યાગી અને બહારના ખોખાનું અન્તર લોકો સ્પષ્ટ સમજવા માંડે છે ત્યાં તો અન્ધ-શ્રદ્ધા અને અવિવેક વળી પાછાં લોકોને જૂની ઘરેડમાં ખેંચે છે. આ રીતે વિવેક અને અવિવેકનું દેવાસુરી દ્વન્દ્વ ચાલ્યા કરે છે. સભિક બ્રાહ્મણ, શ્રમણ, મુનિ, શ્રોત્રિય જેવા અનેક પ્રતિષ્ઠિત શબ્દોનો અર્થ પૂછે છે ને બુદ્ધ તાત્ત્વિક રીતે ખુલાસો કરે છે.

આવી પ્રશ્નોત્તરશૈલી કાંઈ નવી નથી; તે બહુ જ પુરાણી અને દરેક પંથના ખાસ સાહિત્યમાં મળે છે. મહાભારતના વન, ઉદ્યોગ, અનુશાસન, શાન્તિ આદિ પર્વોમાં આના બહોળા નમૂનાઓ છે. ગીતામાં સ્થિતપ્રજ્ઞને લગતા પ્રશ્નો એ પણ આ જ શૈલીનો નમૂનો છે. ઉત્તરાધ્યયન નામક જૈન આગમમાં એવા પ્રશ્નોની હારમાળા છે અને ધમ્મપદ આદિ બૌદ્ધ ગ્રન્થોમાં ઠેર ઠેર એવા પ્રશ્નો વીખરાયેલા છે. તે બધા રોચક હોવા ઉપરાંત શબ્દોના સ્થૂળ અને તાત્ત્વિક અર્થનું અન્તર તારવવામાં બહુ પ્રકાશ ફેંકે છે.

૭. ૬૩ દૃષ્ટિઓ : પ્રસ્તુત સારમાં ૬૩ શ્રમણ દૃષ્ટિઓનો નિર્દેશ છે, અને બુદ્ધને તેથી પર કહી સ્તવવામાં આવ્યા છે. તો પ્રશ્ન એ છે કે એ ૬૩ દૃષ્ટિઓ કઈ અને બુદ્ધ શ્રમણ છતાં એ બધાથી પર કેમ મનાયા? આ ૬૩ દૃષ્ટિઓ દીઘનિકાય નામના બૌદ્ધ પિટકના પ્રથમ બ્રહ્મજાલસૂત્રમાં (ખરી રીતે આપણે જેને લોકભાષામાં ભ્રમજાળ કહીએ છીએ તેમાં) ગણાવેલી છે. દૃષ્ટિ એટલે માન્યતા અથવા એક પ્રકારની પકડ. જ્યારે માણસ અમુક એક

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

પકડમાં ફસાય ત્યારે તે બીજી પકડનો વિરોધ કરે છે ને અંદરોઅંદર બધી દૃષ્ટિઓ આખડે છે. બ્રહ્મ કે સત્ય તત્ત્વની શોધમાં સાંપડેલી દૃષ્ટિઓ એ તત્ત્વનો માર્ગ બનવાને બદલે એક એક જાળ અર્થાત્ બ્રમજાળ બની જાય છે ને માણસો તેમાંજ ગૂંચવાયા કે મૂંઝાયા કરે છે. બુદ્ધે જ સર્વપ્રથમ એમ કહ્યું કે કોઈ પણ દૃષ્ટિને પકડી ન બેસવું. નદીકિનારે પહોંચ્યા પછી માણસ જેમ કિનારે લઈ જનાર નાવડાને વળગી નથી રહેતો તેમ અમુક હદ સુધી વિચાર કે આચારમાં આગળ વધારનાર દૃષ્ટિને પણ, વિશેષ સત્યગામી બનવા, છોડવી જ જોઈએ. આવા મહાન ક્રાન્તદર્શનને લીધે જ બુદ્ધ દૃષ્ટિઓથી પરરૂપે સ્તવાયા છે.

—નચિકેતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org